Ph. : 0281-2587144
ccdcsauuni@yahoo.co.in
**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**
CCDC
CCDC Building,Ground Floor, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot - 360 005
Re-Accredited
Grade A by NAAC
Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.: ----
Date: 17-06-2019

## પ્રેસનોટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) દ્વારા તા. ૦૧–૦૮–૨૦૧૯ થી જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ નાં ૯૭ જગ્યાઓ માટેના પ્રિલીમ્સનાં કોચીંગ વર્ગોનું આયોજન.....

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી – જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. જેના કારણે સૌરાષ્ટ્ર વિસ્તારના અનેક છાત્રોને સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન સાકાર થયેલ છે. સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ. પરીક્ષા, જ્ઞાનના સાગર રૂપી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી અને કુલસચિવશ્રીના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સીસીડીસી મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સીસીડીસીના તાલીમ વર્ગોને અને કાર્યશાળાઓના આયોજનને બિરદાવેલ છે. હાલ જી.પી.એસ.સી. દ્વારા જુદી–જુદી જગ્યાઓ **વર્ગ–૧** માટે નાયબ કલેકટર/નાયબ જિલ્લા વિકાસ અધિકારી–૧૫, નાયબ પોલીસ અધીક્ષક–૨૦, જિલ્લા નાયબ રજિસ્ટ્રાર–૨, અધિક્ષક, નશાબંધી અને આબકારી–૧, મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસ–૨, નાયબ નિયામક–૭ અને **વર્ગ–૨** માટે સેકશન અધિકારી–૧, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર–૧૦, રાજ્યવેરા અધિકારી–૫, જિલ્લા નીરિક્ષક જમીન દફતર–૫, આદિજાતિ વિકાસ અધિકારી–૪, તાલુકા વિકાસ અધિકારી–૧૫, સમાજ કલ્યાણ અધિકારી–૪, અધીક્ષક, નશાબંધી અને આબકારી–૧ અને મદદનીશ નિયામક અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી–૫ માટે કુલ ૯૭ ની ભરતી કરવામાં આવનાર છે. ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી. દ્વારા **તા. ૦૧–૦૮–૨૦૧૯ ને ગુરુવારથી** પ્રિલીમ્સના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. વર્ગ ૧–૨ ની વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમ જનરલ સ્ટડીઝના પ્રિલીમ્સનાં સિલેકટેડ વિષયો જેવા કે, ભારતનું બંધારણ, ભારતનો ઈતિહાસ અને ભૂગોળ, અર્થશાસ્ત્ર, પર્યાવરણ, મેથેમેટીકસ અને રીઝનીંગ, સાંસ્કૃતિક વારસો વગેરેની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો **તા. ૩૦–૦૭–૨૦૧૯ સુધીમાં** ગ્રાઉન્ડ ફલોર, સી.સી.ડી.સી. બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી.નું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ
તંત્રીશ્રી ,
ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.
આભાર સહ,

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)